ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૪ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૪૬ ટકા

# આદુ જેવી દેખાતી આંબા હળદર અત્યંત ગુણકારી

## આંબા હળદરને સ્પાઈસ ઓફ લાઈફ તરીકે પણ ઓળખવામાં આવે છે

ભારતીય સંસ્કૃતિ અને ભોજનની વિશેષતા જ એ છે કે એ તમને સ્વસ્થ જીવન જીવવાનો રસ્તો બતાવે છે. હેલ્થના નામે તમે જુદા જુદા પ્રકારના સલાડ ખાતા હશો પરંતુ આપણું દેશી સલાડ એટલે કે લીંબુ મીઠુ નાંખીને આથેલી આંબા હળદર શરીરને જેટલો ફાયદો કરાવે છે એટલો ફાયદો ભાગ્યે જ બીજુ કોઈ સલાડ કરાવતુ હશે. આંબા હળદર ખાવાના અઢળક ફાયદા છે. આંબા હળદર અને આદુ વચ્ચેનો તફાવત છે કે બંને મૂળ એક જ પરિવારના હોવા છતાં અને બંનેના દેખાવમાં પણ સમાનતા હોવા છતાં બંનેના ગુણધર્મોમાં ભિન્નતા છે.આ ફાયદા વિષે તમે જાણશો તો આંબા હળદર નિયમિત ખાઈ થઈ જશો.

ભારતમાં હજારો વર્ષથી મસાલા અને ઔષધ તરીકે હળદરનો ઉપયોગ થતો આવ્યો છે. આદુ જેવી જ દેખાતી આંબા હળદર અંદરથી સફેદ અથવા તો કેસરી રંગની હોય છે. કેરી જેવા રંગને કારણે તેને આંબા હળદર તરીકે પણ ઓળખવામાં આવે છે. આંબા હળદરમાં સોજો ઘટાડવાની અને બેક્ટેરિયા સામે લડવાની ગજબ તાકાત હોય છે. આથી શરીરમાં પાચનતંત્રને લગતા કોઈપણ રોગને દૂર કરવાની તે ક્ષમતા ધરાવે છે. વળી તે લોહીને પણ શુદ્ધ કરે છે.

આ મૂળ પરંપરાગત ચીની ઔષધિઓમાં પણ મહત્વનું સ્થાન ધરાવે છે. એશિયાના દેશોમાં આ મૂળને તેના પાચક ગુણ માટે ભોજનમાં સામેલ કરાય છે. આંબા હળદરને સ્પાઈસ ઓફ લાઈફ તરીકે પણ ઓળખવામાં આવે છે. એક મસાલો અને અસંખ્ય આરોગ્ય લાભ ધરાવતી આંબા હળદર રાંધણ તેમજ ઔષધીય ક્ષેત્ર બંનેમાં મહત્વનું સ્થાન ધરાવે છે. આ ચમત્કારિક મૂળ અને તેમાં રહેલા સ્વાસ્થ્ય લાભોનો વિવિધ સંશોધકો દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો છે. વિવિધ પ્રકારના કેન્સરની શરૂઆતને રોકવામાં આંબા હળદરના ગુણને કારણે તેને ઔષધીય વિશ્વમાં એક ઉચ્ચ સ્તરનું મહત્વ મળ્યું છે. નિવારક જડીબુટ્ટી શ્વાસની દુર્ગંધથી લઈને પાચન સંબંધી સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરી શકે છે.

### આંબા હળદર ખાવાના ફાયદાઃ

**કેન્સર સામે રક્ષણઃ**

કેન્સર સામે લડવાની તેની ક્ષમતા. આંબા હળદરમાં ગેસ્ટ્રિક કેન્સર, લ્યુકેમિયા, મેલાનોમા, સ્વાદુપિંડનું કેન્સર, કોલોન કેન્સર, સ્તન કેન્સર, લીવર કેન્સર અને કોલાંગિયોકાસનોમા અટકાવવાની ક્ષમતા હોવાનું સાબિત થયું છે. તેના એન્ટીઑકિસડન્ટ અને બળતરા વિરોધી ગુણધર્મોને લીધે, આ જડીબુટ્ટી ફ્રી રેડિકલ અને અન્ય ઝેરી તત્વો દ્વારા ડીએનએને થતા નુકસાનને ઘટાડવામાં મદદ કરે છે. ગેલેનિન તરીકે ઓળખાતા ફ્લેવોવોઈડની હાજરી કેન્સરની શરૂઆત અટકાવવામાં કેન્દ્રિય ભૂમિકા ભજવે છે કારણ કે તે એન્ઝાઈમની પ્રવૃત્તિને મોડયુલેટ કરે છે અને જીનોટોક્સિસિટીનો નાશ કરે છે.

**રક્ત પરિભ્રમણમાં સુધારો કરે છેઃ**

આ ઔષધિમાં શરીરમાં હાજર ઝેરી તત્વોને બહાર કાઢવાની ક્ષમતા હોવાનો દાવો કરવામાં આવે છે. આમ કરવાથી, આંબા હળદર રક્ત પરિભ્રમણને વધારે છે અને ત્વચાની પેશીઓમાં પોષક તત્વોના પ્રવેશને સહાય કરે છે. તેવી જ રીતે, જડીબુટ્ટીઓમાં રહેલ એન્ટીઑકિસડન્ટ ગુણધર્મ હાનિકારક ઝેરને શરીરમાં જમા થતા



અટકાવે છે. શરીરમાંથી અનિચ્છનીય ઝેર દૂર થતાં, રુધિરાભિસરણ તંત્રની પ્રવૃત્તિમાં સુધારો થાય છે.

**પાચન ક્રિયા સુધારે છેઃ**

ડાયેટરી ફાઈબર અને ફાયટોકેમિકલ્સથી ભરપૂર છે જે તમારી પાચનક્રિયાને સુધારવામાં મદદ કરે છે. તે પાચન-સંબંધિત સમસ્યાઓનું સંચાલન કરવામાં મદદ કરે છે, કારણ કે તે લાળ અને પાચન એસિડના સ્ત્રાવને ઘટાડે છે. અલ્સરથી પીડિત વ્યક્તિઓ પાચન-સંબંધિત સમસ્યાઓથી રાહત મેળવવા માટે આંબા હળદરનો ઉપયોગ કરી શકે છે. તે એનોરેક્સિયા અને પેટના દુખાવાથી રાહત આપવા માટે પણ જાણીતું છે. આ ઉપરાંત, તેમાં વિસ્તૃત બરોળને મટાડવાની ક્ષમતા હોવાનું પણ કહેવાય છે અને જડીબુટ્ટીની તીવ્ર ગંધ ઉબકાની સારવારમાં મદદ કરી શકે છે. આંબા હળદરની કામનેટીવ અસર પેટનું ફૂલવું દૂર કરવામાં પણ મદદ કરી શકે છે. જડીબુટ્ટીના અન્ય પાચન સંબંધિત ફાયદા એ છે કે તેનો એન્ટીબેક્ટેરિયલ અસરને કારણે ઝાડા માટે ઉપચાર તરીકે ઉપયોગ કરી શકાય છે.

**કાર્ડિયોવેસ્ક્યુલર આરોગ્ય સુધારે છેઃ**

આયુર્વેદિક દવામાં જડીબુટ્ટીનો ઉપયોગ હૃદયના રોગો અને રક્તવાહિની તંત્રને લગતા કોઈપણ જોખમો માટે નિવારક પદ્ધતિ તરીકે કરવામાં આવે છે. આંબા હળદર કાડયાક સંકોચન અને કાડયાક આઉટપુટને ઘટાડીને તમામ મહત્વપૂર્ણ અવયવોને રક્ત પુરવઠો વધારીને હૃદયના સ્વાસ્થ્યને સુધારવામાં મદદ કરે છે. તેનો ઉપયોગ સ્ટ્રોક અને હૃદય સંબંધિત અન્ય રોગોના ઈલાજ તરીકે થાય છે.

**અસ્થમાને નિયંત્રિત કરે છેઃ**

આંબા હળદર શ્વસનતંત્રને લગતી સમસ્યાઓની સારવાર કરવાની ક્ષમતા ધરાવે છે. જડીબુટ્ટીઓની એન્ટિસ્પેસ્મોડિક અસર ગળફામાં ઘટાડો કરવામાં મદદ કરે છે, તેમજ અસ્થમાના સ્તરને ઘટાડવા માટે બ્રોક્રાયોલ્સને વિસ્તૃત કરે છે. તેવી જ રીતે, જડીબુટ્ટીના બળતરા વિરોધી ગુણધર્મ અસ્થમા અને તીવ્ર શ્વાસોચ્છવાસની તકલીફ જેવી સ્થિતિઓને નિયંત્રિત કરવા તેમજ મટાડવામાં ફાયદાકારક છે.

**બ્લડ લિપિડ અને કોલેસ્ટેરોલમાં ઘટાડો કરે છેઃ**

આ અજાયબી ઔષધિમાં રહેલા કેમ્પફેરોલ, ક્વેર્સેટિન અને ગેલેનિન જેવા ફ્લેવોનોઈડ્સ તમારા કોલેસ્ટ્રોલના સ્તર તેમજ લોહીના લિપિડના સ્તરને ઘટાડવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આંબા હળદરના અર્કમાં ફેટી-એસિડ સિન્થેઝ સામે લડવાની ક્ષમતા હોવાનો દાવો કરવામાં આવે છે, જેનાથી કોલેસ્ટ્રોલ તેમજ ટ્રાઈગ્લિસરાઈડનું સ્તર ઘટે છે.

**મગજની કામગીરી સુધારે છેઃ**

ઔષધિમાં શુદ્ધ એસિટેટની હાજરી મગજના કાર્યને સુધારવા માટે જવાબદાર હોવાનું ભારપૂર્વક જણાવવામાં આવે છે. એટલે કે, ઘટકમાં રક્ષણાત્મક અસરો છે જે વય સંબંધિત મગજની બીમારીની શરૂઆતને મર્યાદિત કરવામાં પણ મદદ કરી શકે છે. જડીબુટ્ટીમાં બળતરા વિરોધી ગુણો મગજના સારા સ્વાસ્થ્યને ટેકો આપવા માટે પણ જવાબદાર છે.

**રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે છેઃ**

એન્ટીઑકિસડન્ટ હોવાને કારણે, આ જડીબુટ્ટી રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વિવિધ અભ્યાસોએ જાહેર કર્યું છે કે આ જડીબુટ્ટીમાં જોવા મળતા પોલિસેકરાઈડ અર્ક રેટિક્યુલોએન્ડોથેલિયલ સિસ્ટમ પર અસરને ઉત્તેજીત કરવાની ક્ષમતા ધરાવે છે. આના પરિણામે બરોળના કોષો અને પેરીટોનિયલ એક્સ્યુડેટ્સની સંખ્યામાં વધારો થાય છે, જે રોગપ્રતિકારક શક્તિને સુધારવા માટે સીધા જ જવાબદાર છે.

# જન્મદિને વધામણી



નર્મદાબેન નારણભાઈ પટેલ (વેસ્ટર્ન એગ્રી સીડ્સ)



ઝલક સતિશકુમાર પ્રજાપતિ



આઈ બી વાઘેલા
એડવોકેટ
મો. ૯૮૨૫૦ ૩૭૭૮૫



જીલ પટેલ
મો.૯૪૨૮૪ ૯૬૦૪૫



મહેશ એમ ભટ્ટ
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪



ધૃવિ વિજયભાઈ સુખડિયા
મો.૯૧૭૩૪ ૪૫૯૪૪



ત્રિઅક્ષ કવનકુમાર દવે



પરિધા ગુલઝાર નાયક



હર્ષવર્ધન પ્રમિતકુમાર ચૌહાણ
મો. ૯૦૯૯૯ ૦૩૩૯૦



પરિધી ગુલઝાર નાયક



મુલરાજ એસ.ઠક્કર



હીરલ બાબુલાલ પટેલ

# ગુજકોસ્ટ ધ્વારા સ્ટેમ ક્વીઝ ૨.૦નું રજીસ્ટ્રેશન આરંભાયું

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ ધ્વારા સ્ટેમ ક્વીઝ-૨.૦ નું આયોજન કરવામાં આવ્યું છે.જેનું ઉદ્ઘાટન શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે કરવામાં આવ્યું હતું.

ગત વર્ષે યોજાયેલી સાયન્સ ટેકનોલોજી , મેથ્સ અને એન્જીનીયરીંગ વિષયને આવરી લઈને યોજાયેલી સ્ટેમ ક્વીઝ-૧.૦ માં ગાંધીનગર જીલ્લાના ૧૮૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશ કરાવીને ભાગ લીધો હતો. ગત વર્ષે ગાંધીનગર જીલ્લાના કુલ ૨૦ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. જેમાં એલિમિનેશન ટેસ્ટમાં કુલ ૮ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. જેમાંથી ૨ વિદ્યાર્થીઓ સ્ટેટ લેવલ સેકંડ રનર્સઅપ તરીકે પસંદગી પામ્યા હતા. સ્ટેટ લેવલ વિજેતા વિદ્યાર્થીઓને લેટેસ્ટ લેપટોપ આપવામાં આવ્યા હતા.જયારે ૧૮ વિદ્યાર્થીઓને લેટેસ્ટ ટેબ્લેટ આપવામાં આવ્યા હતા.તેમજ એનએસએફયુ ખાતે બુટ કેમ્પ અને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર,મુંબઈ જેવી ખ્યાતનામ સંસ્થાઓની મુલાકાતનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

સ્ટેમ કવીઝ ૨.૦ માં આ વર્ષે ૨ કરોડના ઈનામ વિજેતાઓને આપવામાં આવશે. ધોરણ ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ સ્ટેમ ક્વીઝમાં ભાગ લઈ શકે તે સારું જિલ્લા શિક્ષણાધિકારી ધ્વારા જીલ્લાની તમામ માધ્યમિક શાળાઓમાં પરિપત્ર કરી દેવામાં આવ્યો છે જે વિદ્યાર્થીઓએ આ સ્ટેમ ક્વીઝમાં ભાગ લેવા માંગતા હોય અને જે વાલીઓ તેમના સંતાનોને આ મેગા ક્વીઝમાં ભાગ લેવડાવવા ઈચ્છતા હોય તેમને તેમની શાળાના આચાર્ય/વિજ્ઞાન શિક્ષક નો સંપર્ક કરવો રજીસ્ટ્રેશન તારીખ ૩૧/ ૧૨/ ૨૦૨૨ સુધી આ લીંક https://gujcost.co.in/ પર ઓનલાઈન કરી શકાશે. ગાંધીનગર જિલ્લામાંથી રસ ધરાવનાર શાળાઓ કે વિદ્યાર્થીઓ આ ક્વિઝ વિશે વધુ માહિતી મેળવવા માટે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગરના શિવાંગભાઈ, મો.નં-૯૦૯૯૩૮૨૯૩૬ ઓફીસ નંબર ૯૪૨૬૬૩૫૨૧૫ નો સંપર્ક કરી શકશે.




લીયો કીડસ સ્કુલ જેઠીપુરા ગામ, ગિફ્ટ સિટી પૂર્વ ગેટ પાસે મીસ-મેચ ડેનું આયોજન કરવામાં આવ્યું છે. ભૂલકાઓ વિચિત્ર વેશ - ભુશા , અટપટુ બનીને આવ્યા હતા. આ પ્રવૃતિ દ્વારા સાચી અને ખોટી રીત ભાતની સમજ રમુજ પદ્ધતિની મદદથી શીખવવામાં આવી હતી. એકટીવીટીનું આયોજન કરવામાં આવ્યું હતું.




નેહરુ યુવા કેન્દ્ર સંગઠન ભારત સરકારના ૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગ રૂપે સેકટર-૨૩ની સફળ વિદ્યાલયે નાના બાળકો સાથે ઉજવણી કરી હતી.

# શાહપુર પ્રા. શાળામાં વાર્તાકથન-લેખન સ્પર્ધા




ગાંધીનગર, તા.૧૯

ભારત સરકારના નિપુણ ભારત કાર્યક્રમ અંતર્ગત અને સમગ્ર શિક્ષા અભિયાન આયોજિત સી.આર.સી. કક્ષાના વાર્તા કથન અને લેખન સ્પર્ધાનું આયોજન ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ચિલોડા કલસ્ટરની ૯ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ધોરણ ૨ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે વાર્તા કથન અને ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સ્વરચિત વાર્તા લેખન સ્પર્ધા યોજવામાં આવે. સી.આર.સી. કો ઓર્ડીનેટર ઈલાબેન પટેલ દ્વારા સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. સ્પર્ધાને અંતે બંને વિભાગમાંથી ૧ થી ૩ નંબર નિર્ણાયક દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. જેઓ આગામી તાલુકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે ગાંધીનગર મુકામે જશે.

શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ તથા વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન અને પ્રોત્સાહન પુરા પાડ્યા હતા.

# બ્રહ્માકુમારીઝ ગાંધીનગરના ૪૩મો વાર્ષિક મહોત્સવ




ગાંધીનગર, તા.૧૯

બ્રહ્માકુમારીઝ, શિવશક્તિ ભવન, સેક્ટર-૨૮ ગાંધીનગરના ૪૩મા વાર્ષિક મહોત્સવમાં યોગ, પ્રાતઃ મુરલી ક્લાસ અને પરમ પિતા પરમાત્મા શિવબાબાને વિશેષ ભોગ અર્પણ વિધિ બાદ મંચસ્થ મહાનુભાવો દ્વારા કેક કટિંગમાં સેવાકેંદ્ર પ્રભારી કૈલાશદીદી સાથે હિંદી વેબ ન્યૂઝ ચેનલ 'તશ્વિરે ગાંધીનગર'ના કશ્યપભાઈ નિમાવત, કેમિકલ ઈંડસ્ટ્રિઝના દિનેશભાઈ ચાવડા, કેપિટલ ઓફસેટના રમેશભાઈ પટેલ, બીએસએફ કમાંડંટ અજય કુમાર, રીચ એંડ રીચ આઈસ્ક્રીમના ભારગવભાઈ, બ્રહ્માકુમારીઝ, ગુજરાત ઝોનના ખાસ પ્રતિનિધિ બી.કે.વિનુભાઈ ચીલોડા સેવાકેંદ્ર પ્રભારી બી.કે.તારાબેન, બી.કે.જુગ્નુબેન, બી.કે.ક્રુપલબેન તથા અન્ય બ્રહ્માકુમારી બહેનો પણ સામેલ હતા. આ પ્રસંગે બાળકો દ્વારા વિભિન્ન સ્વાગત નૃત્યોની સાંસ્કૃતિક રજુઆત બાદ આમંત્રિત મહેમાનો દ્વારા શુભેચ્છાઓ રજુ કરી સેવાકેંદ્ર દ્વારા અત્યાર સુધી જન કલ્યાણ માટે થયેલ આધ્યાત્મિક ગતિવિધિઓ માટે પરમાત્માનો આભાર માનેલ અને ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ પામે તે માટે મંગલ કામના કરી હતી.

# ગુજરાત સેક્રેટરીએટ ટીમને રાષ્ટ્રીય કક્ષાએ ૧૮ મેડલ

ગાંધીનગર, તા.૧૯

ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં અખિલ ભારતીય મુલ્કી સેવા સંગીત, નૃત્ય અને લઘુ નાટય સ્પર્ધાનું આયોજન અગરતલા, ત્રિપુરા ખાતે કરવામાં આવેલ હતું . જેમાં ગુજરાત સેક્રેટરીએટ તરફથી સામાન્ય વહીવટ વિભાગ, કલ્યાણ સમિતિ દ્વારા નિયત કરેલ કુલ ૩૪ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ટીમ મેનેજર તરીકે સચિવાલય સંવર્ગના સેકશન અધિકારી નિકિતા ખેતાણીની આગેવાનીમાં સંગીત સ્પર્ધા વોકલ વેસ્ટર્નમાં ક્રિપાલ પટેલને પ્રથમ (ગોલ્ડ) વિજેતા અને ફોલ્ક સોંગ ગૃપના ૮ યુવતીઓની ટીમને ત્રીજુ સ્થાન, ફોલ્ક ડ્રાન્સ ગૃપની ૮ યુવતીઓને ત્રીજુ સ્થાન, તેમજ લઘુ નાટય સ્પર્ધા - કારવા ગ્રુપ સચિવાલય દ્વારા રજુ કરવામાં આવેલ. "પડી પટોડે ભાત" ના ફીમેલ એકટર મેઈન યોગીના પટેલે ત્રીજુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. અગરતલા, ત્રિપુરા ખાતે યોજાયેલી અખિલ ભારતીય મુલ્કી સેવા સંગીત, નૃત્ય અને લઘુ નાટય સ્પર્ધા ૨૦૨૨-૨૩માં દેશના કુલ ૧૯ રાજ્યોએ ભાગ લીધો હતો જેમાં ગુજરાત સેક્રેટરીએટ ટીમ દ્વારા કુલ-૧૮ મેડલ પ્રાપ્ત કરી ઉત્કૃષ્ટ સિધ્ધી હાંસલ કરી રાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધી હાંસલ કરશે તેવી આશા છે.

# મેડિકલ કોલેજમાં એન્ટી રેગીંગ અંગે કાનૂની શિબિરનું આયોજન



ગાંધીનગર, તા.૧૯

જિલ્લા કાનુની સેવા સત્તામંડળ ડિસ્ટ્રિક્ટ કોર્ટ ગાંધીનગરના ઉપક્રમે જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં એન્ટી રેગીંગ અંગે કાનુની શિબિરનું આયોજન થયું હતું. તેમાં પ્રથમ વર્ષ એમ બી બી એસના વિદ્યાર્થીઓને કોર્ટ પેરા લીગલ વોલન્ટેલિયર સુધીર દેસાઈ દ્વારા ભારતના એન્ટી રેગીંગ કાયદાઓ અને યુજીસી ગાઈડલાઈન્સ ૨૦૦૯ તથા સુધારો ૨૦૧૬ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ શિબિર ડીન ડૉ શોભનાબેન ગુપ્તાના પૂર્ણ સહયોગમાં કોલેજના ફાઉન્ડેશન કાર્યક્રમના ભાગ અંતર્ગત કરવામાં આવ્યો હતો.

# સમર્પણ કોલેજના ખેલાડીઓની કબડ્ડી ઈન્ટર યુનિવર્સિટી નેશનલ ટીમમાં પસંદગી

ગાંધીનગર, તા.૧૯

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના ખેલાડીઓ નું કબડ્ડી ઈન્ટર યુનિવર્સિટી નેશનલ ટીમ માં ૪ ખેલાડીઓ ની પસંદગી થઈ આ સ્પર્ધા રાની દુર્ગાવતી વિશ્વવિદ્યાલય જબલપુર મધ્ય પ્રદેશ ખાતે રમવા જશે પસંદગી પામેલા ખેલાડી હર્ષલ સિંહ પરમાર, લખન કેસવાલા , વિવેક પ્રજાપતિ , કુલદીપસિંહ બિહોલા, રિઝર્વ પ્લેયર ને તથા ટીમ કોચ પ્રા. મહેન્દ્ર મોડીયાને પ્રિન્સિપાલ ડો .દિપક પંડ્યા મેનેજિંગ ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા તથા સમર્પણ કેમ્પસના તમામ સ્ટાફ પરિવારે ખૂબ જ શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર ટીમ ગુજરાત તથા સમર્પણ કેમ્પસનું નામ કબડ્ડીમાં રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.જોષી હર્ષદભાઈ ઉમિયાશંકર ઉ.વ.૬૨, સેકટર-૨૯
- સ્વ.ઠાકોર સરલાબેન તલાજી ઉ.વ.૬૫, ગોલથરા, કલોલ
- સ્વ.ચૌહાણ નરભેરામ વલ્લભભાઈ ઉ.વ.૫૧, બોરીજ